તાપમાન
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૧૬, મંગળવાર ; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## કેરલ, તામિલનાડુ અને પોંડિચેરીમાં વિક્રમી મતદાન

### તામિલનાડુમાં ૬૯.૧૯ ટકા, પોંડિચેરીમાં ૮૨ અને કેરલમાં ૭૧ ટકાથી વધુ મતદાન : ત્રણેય રાજ્યોમાં મોટી સંખ્યામાં મતદારો દ્વારા શરૂમાં જ મતાધિકારનો ઉપયોગ કરવામાં આવ્યો

નવી દિલ્હી,તા. ૧૬

તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે ઉંચુ મતદાન નોંધાયું હતું. તમિળનાડુમાં ૬૯.૧૯, પુડુચેરીમાં ૮૨ અને કેરળમાં ૭૧ ટકાથી વધુ મતદાન થયું હતું. આની સાથે જ ચૂંટણી પ્રક્રિયા પરિપૂર્ણ થઈ હતી. તમિળનાડુમાં ભારે વરસાદ હોવા છતાં મતાધિકારનો ઉપયોગ કરવા લોકો બહાર આવ્યા હતા. આજે તમામ જગ્યાએ શરૂઆતમાં જ મોટી લાઈન જોવા મળી હતી. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. મતદાનની શરૂઆત થયા બાદ તમામ ત્રણેય રાજ્યોમાં ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની લાંબી પ્રક્રિયા પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. ચૂંટણીને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સાવચેતીના તમામ પગલા લીધા હતા. લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. તમિળનાડુમાં ૨૩૪, કેરળમાં ૧૪૦ અને પુડુચેરીમાં ૩૦ વિધાનસભા બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું. તમામ મતદાન કેન્દ્રો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. આજે મતદાનની શરૂઆત થયા બાદ તમામ ત્રણેય રાજ્યોમાં રેકોર્ડ ઉંચુ મતદાન નોંધાયું હતું. આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. હવે તમામ જગ્યાએ ૧૯મીએ પરિણામ જાહેર કરવામાં આવનાર







● અનુસંધાન પાન-૭ પર

## સમગ્ર ઉત્તર-મધ્ય ભારતમાં કિલર હિટવેવ



નવીદિલ્હી, તા. ૧૬

ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે, હિટવેવની સ્થિતિ હજુ પણ યથાવતરીતે આગળ વધી શકે છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત ઉત્તર અને મધ્ય ભારતના અન્ય ભાગો પણ હિટવેવના સંકજામાં આવી શકે છે. આગામી થોડાક દિવસ સુધી ભીષણ ગરમીથી કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. જો કે, આ મહિનામાં બાકીના ગાળા દરમિયાન સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થશે. હિટવેવની સ્થિતિ મે મહિનાના અંત સુધી હળવી બને તેવી શક્યતા દેખાઈ રહી છે.

આઈએમડી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, વિદર્ભ અને તેલંગાણાના જુદા જુદા ભાગોમાં હિટવેવની સ્થિતિ યથાવત રહી શકે છે. આ સ્થિતિ ઉત્તર પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ગુજરાત, ઉત્તર મધ્ય મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આગળ વધે તેવી શક્યતા છે. ૧૭મીથી ૨૧મી મે દરમિયાન આ તમામ ભાગો હિટવેવના સકંજામાં રહી શકે છે.

જો કે, મે મહિનાના અંત સુધીમાં હિટવેવની સ્થિતિ હળવી બની શકે છે. દેશના અન્ય કેટલાક ભાગો હાલમાં કાળઝાળ ગરમીના સકંજામાં છે.

## પશ્ચિમ બંગાળમાં મમતા બહુમતિ સાથે ફરી વાપસી કરી શકે

### ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં તો મમતાની ટીએમસી પાર્ટીને ૨૩૩-૨૫૩ બેઠકો મળવા માટેનો અંદાજ મુકાયો



નવીદિલ્હી,તા.૧૬

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની શાનદાર વાપસી મોટાભાગના એક્ઝિટ પોલમાં દર્શાવવામાં આવી રહી છે. તૃણમુલ પોતાની તાકાત ઉપર બહુમતિ મેળવવાની દિશામાં છે. એક્ઝિટ પોલમાં દર્શાવવામાં આવ્યું છે કે, બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીઓના ગઠબંધન છતાં તૃણમુલની સ્થિતિ ખુબ મજબૂત દેખાઈ રહી છે. ટાઈમ્સ નાઉ-સી વોટરના એક્ઝિટ પોલ મુજબ બંગાળમાં ટીએમસીને ૧૬૩-૧૭૧ બેઠક મળી શકે છે. જ્યારે ડાબેરીઓને ૭૧-૭૯ તેમજ કોંગ્રેસને ૪૧-૪૯ બેઠક મળી શકે છે. ભાજપને ૨-૬ બેઠક મળવાનો અંદાજ છે. ટાઈમ્સ નાઉ-સી વોટરમાં ટીએમસીની હાલત ખુબ જ મજબૂત દર્શાવવામાં આવી રહી છે. આવી જ રીતે એબીપી ન્યુઝમાં પણ તૃણમુલને ૧૭૮ બેઠક દર્શાવવામાં આવી રહી છે. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં મમતા બેનર્જીની પાર્ટીને ૨૩૩-૨૫૩ અને ચાણક્યના પોલમાં ૨૧૦ બેઠક આપવામાં આવી રહી છે.

## આસામમાં ભાજપ ગઠબંધન મોખરે : એક્ઝિટ પોલ

### તમિળનાડુમાં જયલલિતા અને કરૂણાનિધિ વચ્ચે જોરદાર સ્પર્ધા રહેશે : તમિળનાડુમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં હવે ડીએમકેની લીડ દર્શાવવામાં આવતા જયલલિતાને ફટકો પડી શકે : કેરળમાં એલડીએફની સ્થિતિ મજબૂત

નવીદિલ્હી, તા.૧૬

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પુરી થયા બાદ ધારણા પ્રમાણે જ એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં આસામમાં ભાજપની ગઠબંધન સરકાર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે જ્યારે પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીની શાનદાર વાપસી થઈ રહી છે. આસામમાં છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસની સરકાર રહી છે. ત્યાં આ વખતે કોંગ્રેસની એઆઈયુડીએફ સાથે સમજૂતિ થઈ શકી ન હતી. આ આસામમાં ભાજપની સરકાર બનશે તો પૂર્વોત્તરમાં ભાજપની પ્રથમ સરકાર બનશે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપે આસામ ગણપરિષદ અને બોડો પિપલ્સ ફ્રન્ટ સાથે જોડાણ કર્યુ હતું. નિષ્ણાતોના કહેવા મુજબ ગઠબંધન તુટવાના લીધે કોંગ્રેસને નુકસાન થઈ શકે છે. આ રાજ્યોમાં ચૂંટણી પરિણામની જાહેરાત ૧૯મી મેના દિવસે કરવામાં આવનાર છે. આસામમાં એક્ઝિટ પોલના પરિણામ દર્શાવે છે કે, ભાજપ ગઠબંધનને બહુમતિ મળી શકે છે. આસામ માટે ટાઈમ્સ નાઉ-સીવોટરના અંદાજમાં આ ગઠબંધનને ૬૧ બેઠકો અને કોંગ્રેસને ૪૫ બેઠકો મળી શકે છે. એબીપી ન્યુઝના કહેવા મુજબ આસામમાં

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રીના મામલે અફવાથી રાજકીય ઉત્તેજના

### મુખ્યમંત્રી આનંદીબેન પટેલને બદલવાના મામલે ઈલેક્ટ્રોનિક ચેનલ અને સોશ્યલ મિડિયા પર અફવાએ ત્રણ કલાક જોર પકડ્યું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી મુખ્યમંત્રીની કામગીરીને બિરદાવતા અફવા બજાર નરમ પડ્યું : ભાજપ પ્રવક્તાએ પણ બદલાવની કોઈ શક્યતા નથી એવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા મિડિયા વર્તુળોમાં સ્પષ્ટતાથી રાજકીય હાશકારો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર અને દિલ્હીની રાજકીય પ્રવૃત્તિના પગલે આનંદીબેન પટેલના પ્રતિસ્પર્ધીઓ દ્વારા સોમવારે બપોરે ત્રણ કલાક સુધી આનંદીબેન પટેલ બદલાશે એવી જોરશોરથી અફવાઓએ જોર પકડ્યું હતું. ઈલેક્ટ્રોનિક ન્યુઝ ચેનલો અને સોશ્યલ મિડિયામાં વહેતા થયેલા મેસેજથી રાજકીય ઉત્તેજના પ્રસરી ગઈ હતી. એક તબક્કે તો સાંજ સુધીમાં ગમે ત્યારે મુખ્યમંત્રી રાજીનામું આપે એવા સંદેશાઓ પણ અલગ-અલગ વૉટ્સ-એપ ગ્રુપોમાં વહેતા કરાયા હતા. મુખ્યમંત્રીનું દિલ્હી જવું. નિતીન પટેલનું રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને મળવું અને કમલમ્‌માં ભાજપના સાંસદોની બેઠક આ ત્રણેય ઘટનાઓની આસપાસ ચર્ચાતી વાતોમાંથી અફવાએ જોર પકડ્યું હતું.

ભાજપના વર્તુળોઓ પણ એક તબક્કે સ્તબ્ધ બની ગયા હતા. પ્રદેશ નેતાઓ પણ નો'તા સ્પષ્ટ ઈન્કાર કરી શકતા કે નો'તા સ્પષ્ટ સમર્થન કરી શકતા હતા. ત્રણેક કલાકમાં તો અફવાના જોરથી સામાન્ય નાગરિક પણ સ્વિકારતો થઈ ગયો કે આનંદીબેન જાય છે. રાજકીય વર્તુળોમાં દિલ્હી સાથેના સંપર્કો તેજ બનાવાયા. અને સાંજે ૪-૫ વાગ્યા દરમિયાનમાં પ્રધાનમંત્રીએ સતર્કતાપૂર્વક ટ્વીટ કરી મુખ્યમંત્રી આનંદીબેનની કામગીરીને બિરદાવતા અફવા બજાર નરમ પડ્યું હતું. સાથોસાથ પ્રદેશ ભાજપના મુખ્યાલયમાં પ્રદેશ પ્રવક્તાએ મિડિયા સાથે વાત કરતા આ અફવાનું ખંડન કરી જણાવ્યું હતું કે, નેતૃત્વમાં કોઈ પરિવર્તન થવાનું નથી. ઉલ્ટાનું ૨૨મીથી ૨૬મી મે દરમિયાન ભાજપ આખા રાજ્યમાં ગૌરવ પર્વની ઉજવણી કરશે.

૨૨મીએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને કાર્યભાર સંભાળ્યાને બે વર્ષ પુર્ણ થશે અને ૨૬મીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કાર્યભાર સંભાળ્યાને બે વર્ષ પૂર્ણ થશે. આમ બંને આગેવાનોની બે વર્ષની સિદ્ધિઓને પ્રજા સુધી પહોંચાડવા ભાજપે ઘનિષ્ઠ આયોજન કર્યુ છે. ત્યારે આ પ્રકારની અફવાઓને કોઈ સ્થાન નથી.



Image Courtesy: PIB, India

## જામનગરના ભાજપી સાંસદ પુનમ માડમ ઉંડા નાળામાં પડતા ચકચાર

### માથામાં અને અન્ય જગ્યાએ ઈજા થતા હોસ્પિટલમાં : મતવિસ્તારમાં મતદારોની ફરિયાદ સાંભળવા માટે ગયા હતા ત્યારે બનાવ : અન્ય બે લોકો પણ ઘાયલ થયા

જામનગર,તા. ૧૬

ગુજરાતના જામનગરમાં આજે સવારે લોકોની સામાન્ય ફરિયાદ સાંભળવા માટે પહોંચેલા ભાજપના સાંસદ પુનમ માડમ ૧૦ ફૂટ ઉંડા નાળામાં પડી જતા તેમને ઈજા થઈ હતી. લહુલુહાણ થઈ ગયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની સાથે અન્ય બે લોકોને પણ ઈજા થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપ સાંસદ પુનમ માડમ જામનગરના એક વિસ્તારમાં ઝુપડપટ્ટીને દુર કરવામાં આવ્યા બાદ આ મામલે ફરિયાદ સાંભળવા માટે પહોંચ્યા હતા. લોકોની સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે તેઓ પ્લાસ્ટિકના ઢાકણાથી બંધ ૧૦ ફુટ ઉંડા નાળામાં પડી ગયા હતા. ઢાકણાથી બંધ નાળા પર તેઓ ઉભા હતા ત્યારે જ આ બનાવ બન્યો હતો. હાજર રહેલા લોકોએ તરત જ તેમને બહાર કાઢ્યા હતા. તેમના માથા અને શરીરના અન્ય ભાગ પર ઈજા તઈ હતી. સુત્રોએ કહ્યુ છે કે જામનગરના જલ્લા રામ નગરમાં એક નદીની પાસે ઝુપડપટ્ટીને દુર કરવાના આદેશ બાદ નારાજ થયેલા લોકોને મળવા માટે તેઓ પહોંચ્યા હતા. સ્થાનિક લોકોની ફરિયાદ સાંભળવા માટે તેઓ પહોંચ્યા હતા. નાળામાં પડી ગયા બાદ પુનમને ઈજા થઈ હતી. તેઓ લોહીથી લતપથ થઈ ગયા હતા.તેમને એમ્બુલન્સ મારફતે તરત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તબીબોએ કહ્યુ હતુ કે તેમના માથામાં અને પગમાં ઈજા થઈ છે. તેમની સ્થિતી સારી છે. પુનમ માડમ ગુજરાતના જામનગરમાંથી ભાજપના સાંસદ તરીકે છે. તે પહેલા તેઓ ધારાસભ્ય તરીકે પણ રહી ચુક્યા છે. તેમને ઈજાના સમાચાર મળતાની સાથે જ તેમના સમર્થકો પણ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા.



## ગુજરાતના દુષ્કાળ મામલે સમીક્ષા બેઠક

### દુષ્કાળ, પાણીની સ્થિતિ સંદર્ભે મોદી સાથે આનંદીબેનની ચર્ચા : દિલ્હીમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા : મનરેગા હેઠળ રાજ્યભરમાં ૧૮.૧૪ લાખ માનવદિન માટે ૧૦૫ કરોડની ફાળવણી : પ્રધાનમંત્રી કૃષિ પાક યોજના માટે ૪૬૯.૩૫ કરોડની ફાળવણી



અમદાવાદ, તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના દુષ્કાળઅસર ગ્રસ્ત વિસ્તારો અને પાણીની સમસ્યા અંગેની ચર્ચા માટે નવી દિલ્હીમાં આજે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકાર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દુષ્કાળઅસર ગ્રસ્ત સ્થિતી અંગે રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવેલા પગલાંઓથી પ્રધાનમંત્રીને સુમાહિતગાર કરતા જણાવ્યું કે, રાજયના કુલ ૩૩ જિલ્લાઓમાંથી જે ૬ જિલ્લાઓને દુષ્કાળઅસર ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. તેમાં જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ અને બનાસકાંઠાનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૨૨ લાખ માનવવસ્તી અસરગ્રસ્ત છે. રાજય સરકારે અસરગ્રસ્ત

● અનુસંધાન પાન-૭ પર

સમર કલેક્શન

બાટીક, બાંધણી, ઓર્ગેનિક, હાથવણાટ, મશરુનું ડ્રેસ મટીરીયલ્સ તથા કુર્તી, પ્લાઝો, હેરમ, ટ્રેડીશનલ પર્સ, વેસ્ટર્નસ અનો દરેકનો મેચીંગ ઈમીટેશન જ્વેલરી મળશે.

એ-૪૦૩, વૃંદાવન એપાર્ટમેન્ટ, સરગાસણ,
મો. : ૯૪૨૯૪ ૦૫૯૫૮

શું આપે ધોરણ-૧૦ની પરીક્ષા આપી છે?
ધોરણ-૧૦ પછી શું કરવું?
ધોરણ ૧૧-૧૨(સાયન્સ) પછી શું?
ધોરણ ૧૧-૧૨(કોમર્સ) પછી શું?
JEE/NEETમાં સફળ કેવી રીતે થવું?
આ પ્રશ્નો અંગે મુંઝવણ અનૂભવો છો?
શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આયોજીત
માર્ગદર્શન સેમિનાર
સેમિનાર માત્ર ધોરણ-૧૦ની આ વર્ષે પરીક્ષા આપેલ વિદ્યાર્થી તથા વાલીઓ માટે
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
9737297579, 7041446044
સંપર્ક સમય - સવારે ૮.૦૦ થી ૧૨.૦૦
Your Dream School...
Shree Swaminarayan Gurukul Vidyalaya
Tower Building, Gurukul Campus, Sector-23, Gandhinagar.